**સુવિચાર**

આપણું સંપૂર્ણ ધ્યાન તો જે વર્તમાન સમય છે એને જ સાર્થક બનાવવામાં કેન્દ્રિત થવું જોઈએ.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૮/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૦૭










## જિલ્લાની ૧૫ લાખની જનતાની જીંદગીની કોઈ તો કિંમત સમજો

# અમરેલી જિલ્લામાં રખડતા પશુઓ અને માર્ગો પરનું દબાણ દૂર કરો

**આઝાદીનાં ૭૭ વર્ષ પૂર્ણ થયા અને રખડતા પશુઓ કે જાહેર માર્ગ પરનું દબાણ દૂર થઈ શકતું નથી**

**શાસકોએ આમ આદમીને પિડા આપતાં પ્રશ્નોનાં નિરાકરણમાં ગંભીરતા દાખવવી જરૂરી**

**રખડતા પશુઓનાં લીધે અવારનવાર અકસ્માતની ઘટના બને છતાં કોઈનાં પેટનું પાણી હલતું નથી**

**જાગૃત નાગરિક ડો. ગજેરા, હિતેષ સૈસૈયાએ સ્થાનિક પાલિકામાં કરી રજૂઆત**



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લો એ આઝાદીનાંલડવૈયાઅનેરાજયનાંપ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાની જન્મભૂમિ અને જિલ્લાનાં અનેક સપુતોએ અંગ્રેજોની ગુલામી સામે બંડ પોકારીને અમરેલી જિલ્લા સહિતની દેશની જનતાને ગુલામીમાંથી મુકત એટલામાટે કરાવીહતીકેદેશમાંલોકોનું શાસનઆવેઅનેલોકોનીપરેશાનીદૂર થાય. પરંતુ આજે આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પણ જનતાને પ્રાથમિક સુવિધા કે સુરક્ષામેળવવીપણમુશ્કેલબનીરહીછે.

અમરેલી શહેર ઉપરાંત સાવરકુંડલા સહિતનાં દરેક શહેરો, તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારમાં રખડતાપશુઓનીસમસ્યાવિકરાળબની છે. પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી એક જ પક્ષનું એકચક્રી શાસન છતાં રખડતા પશુઓની સમસ્યા કે જાહેર ફૂટપાથ કે જમીન પરનું દબાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે અને શાસકો વિકાસ,વિકાસઅનેવિકાસનીગુલબાંગો ફેંકી રહ્યા છે અને જનતાને ગેરમાર્ગે દોરવાનોનિષ્ફળપ્રયાસકરીરહ્યાછે.

દરમિયાનમાં આંત્તરરાષ્ટ્રીયહિન્દુપરિષદનાંઅગ્રણી ડો. જી.જે. ગજેરાએ અમરેલીનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવતા જણાવ્યું છે કે, અમરેલી શહેરમાં લોકો માટે પગપાળા ચાલવા માટેની ફૂટપાથ ઉપર લારી–ગલ્લાવાળાબિનકાયદેસરઉભા રહે છે. જેથી લોકોને ફરજીયાત રોડ પર ચાલવું પડે છે જેને લીધે અકસ્માતોનો ખૂબ જ ભય રહે છે. નગરપાલિકા છાસવારે કાર્યવાહી કરે છે પરંતુ પછી બે–ચાર દિવસમાં હતી તેવી જ પરિસ્થિતિ થઈ જાય છે. તો આ માટે કાયમીઉકેલઆવેતેવીકાર્યવાહીકરવી

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ખાંભાનાં નિંગાળા–૨ ગામે બનેલ ઘટનાથી ચકચાર મચી

# નાનાભાઈએ સગ્ગા મોટાભાઈની સામાન્ય બાબતે હત્યા કરીને વચ્ચે પડેલ પિતાને હાથમાં ગંભીર ઈજા કરી

**મોટા ભાઈએ નાના ભાઈને કામ ધંધો કરવાનું કહેતા મોતને ભેટયા**



અમરેલી, તા. ૧૨

ખાંભાતાલુકાનાનિંગાળા–૨ ગામે વાડી વિસ્તારમાં આવેલ હનુમાનજીના મંદિર પાસે રહેતા અનુભાઈરણછોડભાઈબારૈયાનામનાં

**અનુસંધાન પાના ૬ ઉપર**










## ગાંધી અને સરદારની જન્મભૂમિ ગુજરાતની સરકારી શાળામાં ચાલતી દે ધનાધન પ્રકાશમાં આવી

# શાળાઓમાં નોકરી-પગાર શરૂ રાખી વિદેશગમન કરવાનું શિક્ષકોનું કૌભાંડ

### વૈશ્વિક કક્ષાનાં રીયલ ટાઈમ ઓનલાઈન મોનિટરિંગ સમીક્ષા કેન્દ્રથી કોઈ ફાયદો થયો નહી

### રાજ્ય સરકારનાં શિક્ષણમાં આધુનિક ટેક્નોલોજીનાં દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે

### રાજયમાં ડમી શાળાઓ બાદ ડમી શિક્ષકોની ઘટના સામે આવી રહી છે

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડો. મનિષ દોશીએ રાજ્ય સરકાર પર કર્યા શાબ્દિક પ્રહારો

અમદાવાદ, તા. ૧૨

ગાંધીનગર સ્થિત શિક્ષણ ક્ષેત્રે વૈકિ કક્ષાના રીયલ ટાઈમ ઓનલાઈન મોનિટરિંગ-વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ડેઈલી રિયલ ટાઈમ ઓનલાઈન એટેન્ડન્સ સિસ્ટમના દાવા પછી શિક્ષણ વિભાગના ધ્યાને કેમ ન આવ્યું ? વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે આ તમામ ઈનીશીએટિવ માટે ખાસ ડેશબોર્ડસ તૈયાર કરવામાં આવેલા છે આ ડેશબોર્ડસ દ્વારા મુખ્યમંત્રીના ડેશબોર્ડ પર પણ સતત ડેટા પૂરો પાડવામાં આવે છે. તો પછી સતત ગેરહાજર શિક્ષકો અંગે શિક્ષણ વિભાગ કેમ અજાણ? આટલી ગંભીર બાબત પ્રત્યે કેમ બેદરકારી રાખવામાં આવી ? તેનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ડમી સ્કુલના મોટા પાયે ચાલતા વેપલાની સાથો સાથ ડમી શિક્ષકોનું વ્યાપક દુષણ શિક્ષણ જગત માટે ચિંતાજનક છે. અંતરિયાળ વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં સતત ગેરહાજર શિક્ષકોની તપાસ બાબતે શિક્ષણ વિભાગની સંપૂર્ણ લાલીયાવાડી ચાલી રહી છે. વિદેશ જવા માટે ૯૦ દિવસની રજા મળતી હોય છે. એક વર્ષ કરતા વધુ સમય સુધી રજા ઉપર રહે તો તેને બરતરફ કરવાની જોગવાઈ તો પછી સતત ગેરહાજર રહેતા શિક્ષકો સામે કેમ કાર્યવાહી કરવામાં ના આવી? ગુજરાતમાં શાળાકીય શિક્ષણમાં આશરે ૨.૪ લાખ શિક્ષકો, ૧૦,૦૦૦ જેટલો સુપરવીઝન માટેનો સ્ટાફ મળી કુલ આશરે ૨.૫ લાખ કરતાં વધારે કર્મચારીઓ કાર્યરત છે. રિયલ ટાઈમ ઓનલાઈન મોનીટરીંગ માટે વર્ષ ૨૦૧૯માં શિક્ષણ ક્ષેત્રનું દેશનું સર્વ પ્રથમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર-સીસીસી કાર્યરત હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ વિદ્યા સમીક્ષા કેન્દ્રના બે અત્યાધુનિક મોનીટરીંગ રૂમમાંથી ખાસ પસંદ કરાયેલા અને તાલીમબધ્ધ ૫૦ શિક્ષકો દ્વારા સમગ્ર રાજયના બીઆરસી, સીઆરસી, જિલ્લાના અને તલુકાના અધિકારીઓ, શાળાના મુખ્ય શિક્ષકો વગેરેનું સતત મોનીટરીંગ, લાઈવ ડેટા શેરિંગ થઈ રહ્યા તેવું જાહેર કરેલ. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા છેલ્લા અઢી વર્ષમાં એકમ કસોટી (પીએટી), સત્રાંત અને વાર્ષિક પરીક્ષાઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની રિયલ ટાઈમ ઓનલાઈન હાજરીના ૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓના વિવિધ પ્રકારના ૫૦૦ કરોડ કરતાં વધુ અલગ અલગ પ્રકારના ડેટા સેટ દર વર્ષે મેળવવાની મહત્વની કામગીરી કરવામાં આવી રહી હોવાનો દાવો કરવામાં આવે છે. રાજયના કેટલાક શિક્ષકો ચાલુ નોકરીએ વિદેશમાં કરી રહ્યા છે જલસા! બાળકોના શિક્ષણના ભોગે કેટલાક શિક્ષકો વિદેશમાં મજા કરી રહ્યા છે. શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે. ગુજરાતમાં સરકારી શાળાઓમાં નોકરી-પગાર ચાલુ રાખી વિદેશગમન કરવાનું શિક્ષકોનું સુવ્યવસ્થિત કૌભાંડ, બેદરકાર શિક્ષકો સામે રાજય સરકાર કયારે નક્કર પગલા ભરશે? ગુજરાતના શિક્ષકોને યુએસ-કેનેડાનું ઘેલું લાગ્યું, જેઓ ચાલુ નોકરીએ લાંબા સમયથી અમેરિકા, કેનેડા પહોંચી ગયા બાદ પરત ફર્યા નથી. આવા શિક્ષકોને કારણદર્શક નોટિસ ફટકારાઈ, પરંતુ ટર્મિનેટ કેમ ન કરાયા ? આ શિક્ષકો કોની મદદ લઈને વિદેશમાં લાંબાસમયથી વસવાટ કરી રહ્યા છે ? બીજીબાજુ ૪૦,૦૦૦ કરતા વધુ શિક્ષકોની લાંબા સમયથી ખાલી જગ્યા છે. જે શિક્ષકો હાલ કાર્યરત છે એમાંથી મોટાભાગના શિક્ષકો પાસેથી શિક્ષણ સિવાયની વધારાની કામગીરીની ફરજ પાડવામાં આવે છે. જેના લીધે ગ્રામીણ વિસ્તારની સરકારી શાળાના ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના બાળકોના ભવિષ્ય સાથે ગંભિર ચેડા થઈ રહ્યાં છે. ત્યારે સરકારે મોટી મોટી જાહેરાતો કરવાને બદલે શિક્ષણ વ્યવસ્થાને સુધારવા માટે નક્કર પગલા ભરવા કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

---

#### કુસ્તીમાં ૨૧ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને પાંચ બ્રોન્ઝ પ્રાપ્ત કર્યા


## અમરેલીની ગજેરા સ્કુલનાં વિદ્યાર્થીઓએ રમતની યશ કલગીમાં વધુ એક પીછું ઉમેર્યુ

### ૮૬મી અખિલ ભારતીય શાળાકીય રમોત્સવમાં ઉત્કૃષ્ઠ દેખાવ

અમરેલી, તા. ૧૨

તાજેતરમાં વિશ્વમાં હાલ ઓલ ઓલમ્પિકનો માહોલ છે ત્યારે અમરેલીમાં સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા તથા સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત ૮૬મી અખિલ ભારતીય શાળાકીય રમોત્સવ રમાઈ રહી છે, જે અંતર્ગત અમરેલી જીલ્લા લેવલની કુસ્થી સ્પર્ધાનું આયોજન વડીયા મુકામે તારીખ ૯/૮/૨૪ના રોજ થયેલ, જેમાં સમગ્ર જીલ્લામાંથી U-14, U-17, U-19 કેટેગરીના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતોફ જેમાં સ્પર્ધકોએ પોતાની તાકાત અજમાવી હતી.





આ સ્પર્ધામાં ભાઈઓમાં રસપ્રદ ટકકરો જોવા મળી હતી, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના ૨૧ ખેલાડીઓ વંશ જીજ્ઞા, રામાણી સિયા, ભીલવાડા સ્નેહા, સાવલિયા સાર્થી, કુવાડીયા મિતેશ, ધોરી વાત્સવ, રૈયાણી ધવલ, ગોસ્વામી ક્રિયા, ગઢીયા તમન્ના, ડાભી યશ્વી, ઢાકેજા ભવ્ય ગોંડલીયા કુંજ, દુધાત ધર્મ, કથીરીયા જસ્મીન, રામાણી ધ્રુવી, રાઠવા ઉષા, નાગહ અક્ષીતા, ખેર તન્વી, ઢોલરીયા, હાર્દિક, લુણાગરિયા શ્રેયા, હરીપરા વૃદાં, વઢેળ આસ્થા, ખુમાણ રૂદ્રપ્રતાપ, વાળા જયેન્દ્ર ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ અને ૧૪ ખેલાડીઓ ભુવા વિરમભાઈ, વાળા આદિત્ય, ડાંગર પ્રિન્સ, પલસાણા મિત, લાખાણી યુગ ખોખર દક્ષ, સોલંકી હાર્દિક, વેકરીયા, હેપ્પીન, છેલાવડા કૃપાલી, ચાવડા ત્રિશા, પટેલ જેન્શી, ભટ્ટી દિયા, તન્ના યશ્વી, બાકુ મનસ્વી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ તેમજ ૧૫ ખેલાડીઓ કાછડીયા શુભ, અણગણ દિપક, નારોલા દર્શન, ચોઘડિયા અર્પિત, સોરઠીયા પરમ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જીલ્લા અને શાળાનું ગૌરવ વધાર્યુ હતું. આ વિજેતા થયેલા સ્પર્ધકો હવે રાજય કક્ષાએ ભાગ લેશે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતાં. આગામી રાજયકક્ષાની સ્પર્ધામાં બેસ્ટ પરફોમન્સ સાથે મેડલ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા વ્યકત કરેલ હતી.

---


#### નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા અને ધારાસભ્ય કસવાલાએ પત્ર પાઠવ્યો

## અમરેલી જિલ્લાનાં તમામ જળાશયને સૌની યોજના અંતર્ગત છલોછલ કરી આપવા માંગ

### મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પાણી-પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને પત્ર પાઠવ્યો

સાવરકુંડલા, તા. ૧૨

સૌરાષ્ટ્ર સાથે અમરેલી જિલ્લામાં ઓણ સાલ ઓછા વરસાદથી ખેડૂતોના ખેતીપાકો માટે ચિંતાના વાદળ ઘેરાયા હોય ત્યારે વિધાનસભાના નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા અને સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશ કસવાળાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને લેખિત પત્ર પાઠવીને અમરેલી જિલ્લામાં ઓછા વરસાદથી ખેતીપાક સહિત ખેડૂતોને આગામી સમયમાં ખેતી કરવામાં મુશ્કેલીઓ ઊભી થવાની શકયતાઓને ધ્યાને લઈને અમરેલી જિલ્લાના ખેડૂતો માટે સરકાર દ્વારા નર્મદા ડેમ ગઈકાલે જ ઓવરફલો થયો હોય જેનું પાણી









છોડવામાં આવી રહ્યું હોય ત્યારે અમરેલી જિલ્લામાં સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રના ડેમો ભરવામાં આવે તો પાણીના તળ ઊંચા આવે તેમ હોય અને ખેડૂતોને મોટા પ્રમાણમાં ખેતીપાકોમાં ફાયદો થાય. જેથી વધારાના પાણીથી સૌરાષ્ટ્રના ડેમો સેની યોજના તળે ભરાઈ તેવી ખેડૂતોના હિતાર્થે લાગણી સાથે માંગણી કરી છે.

---

## રાજુલાના ચોત્રા ગામેથી વન વિભાગે સિંહનું કર્યુ રેસ્કયુ



તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા

ખાંભા, તા. ૧૨

રાજુલાના ચોત્રા ગામે એક લંગડાતો સિંહનું લોકેશન થતા વનવિભાગે સિંહનું રેસ્કયુ હાથ ધર્યુ હતું ત્યારે થોડા દિવસ પહેલા ખાંભા ના મોટા બારમણ ગામે રહેણાંક વિસ્તારમાં લંગડાતો સિંહ ચાલતો હોવાનો વિડિયો સોશયલ મીડિયામાં વાયરલ થતા વનવિભાગ દ્વારા આ સિંહનું લોકેશન મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા ત્યારે ખાંભા અને રાજુલા વન વિભાગ દ્વારા ગઈકાલે રાજુલાના ચોતરા ગામે વનરાજભાઈ રાદડિયા ને ખેતરમાં રીંગ કેઝ પાંજઢં મુકી લંગડા સિંહનું રેસક્યું કરવામાં આવ્યું હતું બાદ આ સિંહને સારવાર અર્થ જ જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો

---

#### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## ખાંભાનાં ભગવતીપરા નજીકનાં વિસ્તારમાંથી વિદેશી દારૂની બોટલ ઝડપાઈ

### બે આરોપીની ૮૮૧૦નાં મુદ્દામાલ સાથે અટકાયત

અમરેલી, તા. ૧૨

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહે પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ દરોડા કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને સાવરકુંડલા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્યના માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ. આર.જી. ચૌહાણની રાહબરી નીચે ખાંભા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ચોક્કસ હકિકત આધારે ખાંભા ટાઉનમાં ખોડલ પ્લાઝા કોમ્પલેક્ષની પાસે તથા ખાંભા ભગવતીપરા બીપીએલ ઢોરેથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બોટલ નંગ-૧૬ તથા બીયરના ટીન નંગ-૨૨ કુલ કિંમત રૂા. ૮૮૧૦ના મુદામાલ સાથે



કિરીટભાઈ ધીરૂભાઈ શેખડા તથા જયેન્દ્રસિંહ ઉર્ફે ભુરો મહેન્દ્રસિંહ રાઠોડ (રહે. બંને ખાંભા) બે ઈસમોને ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

#### સુવિધા આપવી નથી ને વેરા વધાર્યા કરે

## બગસરામાં પાલિકા દ્વારા ઘરવેરામાં વધારો થતાં ચેમ્બર ઓફ કોમર્સમાં નારાજગી

### પ્રાદેશિક કમિશ્નરને ચેમબરે કરી રજુઆત

બગસરા, તા. ૧૨

બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેમજ તેમના સાથી મિત્રો ભેગા મળી ભાવનગર પ્રાદેશિક કમિશ્નર તેમજ અધિક કલેકટરને મળી બગસરાની પાલિકા દ્વારા ચલાવવામાં આવતી ગેરરીતિ તેમજ વેરા વધારવા બાબત જેવી અનેક બાબતોને લઈને ચર્ચા કરવામાં આવી હતી.






તસ્વીર : સમીર વિરાણી-બગસરા

વિગત અનુસાર બગસરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભાવનગર પ્રાદેશિક કમિશ્નર સોલંકી તેમજ કલેકટર સતાણીની રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી અને બગસર શહેરમાં પાલિકા દ્વારા બેફામ વેરા વધારવામાં આવ્યા છે જે પહેલા કરતા ૫૦% વધારો કરવામાં આવ્યો છે. તેનો વિરોધ કરવામાં આવ્યો હતો છતા વેરા વધારા માટે ઠરાવ કરવામાં આવ્યો છે. તેમજ વ્યવસાય વેરો ૧૦૦૦ હતો જે વધારીને ૨૫૦૦ કરી દેવામાં આવ્યો છે. જયારે નિયમ પ્રમાણે જેવી જેની કેટેગરી તેવો તેનો વેરો લેવામાં આવે પરંતુ અહિયા તેના બદલે બધા વેપારીઓને સમાન વેરો લેવામાં આવે છે ત્યારબાદમાં જે વેરા બિલ લોકોના ઘર સુધી પહોંચાડવાના હોય છે. તેના બદલે લોકોના ઘર સુધી બિલ પહોંચાડવામાં નથી આવતા એટલે લોકો પોતાનો વેરો નિયત સમયમાં ભરી શકતા નથી અને નિયત સમય દરમ્યાન વેરાના ભરેતો ૧૮% વ્યાજ લેવામાં આવે છે. ત્યારબાદમાં સ્ટ્રીટ લાઈટમાં ખોટો ખર્ચ કરી પોસાતું નથી કહી વેરો વધારવામાં આવે છે ત્યારબાદમાં શહેરને ભોગોલીક સુવિધા નામે મીંડુ છે. જયારે પહેલા અહીંયા એક બગીચો પણ હતો જે હવે વાવાઝોડા બાદ નષ્ટ થઈ ગયો છે. શહેરમાં સાર્વજનિક પ્લોટમાં દબાણો કરવામાં આવ્યા છે તેને ખુલ્લા કરવામાં આવે. શહેરને રિવરફ્રન્ટ આપવાની વાત કરેલી જે હજુ સુધી કાય કરેલ નથી તેમજ પાલિકાના પ્રમુખ તરીકે મહિલા છે છતા પાલિકાનો તમામ વહીવટ પાલિકા પ્રમુખ પતિ કરતા હોય છે જેના લીધે પાલિકામાં અઢળક ભષ્ટ્રાચાર થઈ રહેલ છે. આવા અનેક મુદા ઉપર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશ હડિયલ દ્વારા રજુઆતો કરવામાં આવી હતી. જયારે આ તમામ મુદાઓ સાંભળીને કમિશ્નર તેમજ અધિક કલેકટર દ્વારા આ તમામ મુદા તમારા સાચા છે. તેના ઉપર ચર્ચા કરીને કાર્યવાહી કરવામાં આવશે તેવી બાયેધરી પણ આપવામાં આવી હતી. તે રીતે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

---

## ગોપાલગ્રામ ખાતે જર્જરિત મકાન પડતા વૃધ્ધનું મોત



તસ્વીર : હસમુખ રાવળ-બાબાપુર

બાબાપુર, તા.૧૨

ચલાલા નજીક આવેલ ગોપાલગ્રામ ગામે જર્જરિત મકાન નીચે પડતા તેમાં રહેતા વૃધ્ધનું કમકમાટી ભર્યુ મોત થયું હતું.

ગોપાલગ્રામનાં વૃધ્ધ આમ તો સુરત ખાતે સ્થાયી હતા. પરંતુ થોડા દિવસથી ગોપાલગ્રામ ખાતે તેમનાં મકાનમાં રહોવ આવ્યા હતા. અને અચાનક મકાન ધરાશાયી થતાં તેઓનું દબાઈ જવાથી મોત થયાનું જાણવા મળેલ છે. જાણવા મળતી વિગત મુજબ મૃતકનું નામ ધીરૂભાઈ મોચી હોવાનું સરપંચે જણાવેલ હતું.

---

#### બગદાદનગરની ઘટના

## સાવરકુંડલામાં વાહનો રસ્તામાંથી લેવા બાબતે ૨ પક્ષો વચ્ચે મારામારી

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી

અમરેલી, તા.૧૨

સાવરકુંડલાના બગદાદનગરમાં રહેતા સાકીરભાઈ યુનુસભાઈ જાદવ નામનાં ૩૯ વર્ષિય યુવક તા.૧૧ ના રોજ ૪ વાગ્યે તેની રીક્ષા લઈને આવતા હોય ત્યારે તે જ વિસ્તારમાં રહેતા સમીર સલીમશા રફાઈના ઘરની પાસે તેની સાઈકલ તથા મોટર સાયકલ પડેલ હોય તેને યુવકે રસ્તામાંથી લઈ લેવાનું કહેતા આરોપી સમીર સલીમશા રફાઈ, અક્રમ સલીમશા રફાઈ, રોશનબેન સલીમશા રફાઈ, સદામ ગુલાબશા રફાઈ, તથા અનુ અકબરશા રફાઈએ યુવકને જેમફાવે તેમ અશ્લીલ ગાળો આપી મુંઢ મારી લોખંડના પાઈપનો એક ઘા ડાબા કાનના ભાગે તથા બીજો ઘા પીઠના ભાગે મારેલ તે દરમ્યાન યુવકને બચાવવા વચ્ચે પડેલા મોહસીન, રહીમભાઈ પઠાણ હીનાબેન પૈકી હીનાબેનને હાથના ભાગે લોખંડનો એક ઘા મારેલ તથા અન્યને ડાબા હાથની કલાઈ ઉપર દાતરડા વડે એક ઘા મારી ઈજા કરી તથા આરોપીઓએ યુવકના ઘરની ઉપર છુટ્ટા પથ્થરના ઘા કરી સિમેન્ટના પતરા, ટી.વી.ને આશરે રૂ.૩૦૦૦ નું નુકશાન પહોંચાડયાની ફરિયાદ નોંધાય છે.

તો આ જ બનાવમાં સામાપક્ષે રોશનબેન સલીમશા રફાઈ નામની મહિલાએ પણ સામાવાળા સાકીરભાઈ યુનુસભાઈ જાદવ, મોહસીન સાકીરભાઈ જાદવ, અકીલભાઈ યુનુસભાઈ જાદવ, બબુભાઈ યુનુસભાઈ જાદવ સામે આરોપીને ગાળો દેવાની ના પાડતા હાથમાં તલવાર લઈ આવી મહિલાના દિકરા સમીરને મારવા જતા મહિલા વચ્ચે પડતા તલવારનો એક ઘા મહિલાને ડાબા હાથના અંગુઠા પાસે મારી તથા સદામ ગુલાબશા રફાઈ તથા અનુશા અકબરશા રફાઈને પણ લાકડી વડે શરીરે મુંઢ મારમારી ગાળો આપી મુંઢ ઈજા પહોંચાડયાની સામી ફરિયાદ નોંધાય છે.

## વાહન અકસ્માતો ઉપર અંકુશ મેળવવા અને ટ્રાફિક નિયમોની અમલવારી માટે

# અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસે ટ્રાફિક ડ્રાઈવનું કર્યુ આયોજન

**ડ્રાઈવ દરમિયાન આધુનિક ટેક્નોલોજી અને સ્પીડ ગનની મદદથી સ્પીડ લીમીટ સહિતનાં ૭૪ કેસ કરાયા**

**ઈન્ટર સેપ્ટર વાન દ્વારા સીટ બેલ્ટનાં ૩૮ કેસો, મોબાઈલ પર વાત કરવાનાં ૧૩ કેસો થયા**

**ત્રિપલ સવારીનાં ૧૮ અને હેલ્મેટ અંગેના ૪૦૯ કેસો મળી કુલ ૫૨૧ કેસ થયા**

**પોલીસ અધિક્ષક હિમકરસિંહે જિલ્લાનાં વાહન ચાલકોને ટ્રાફિકનાં નિયમનું પાલન કરવા અનુરોધ કર્યો**



અમરેલી, તા. ૧૨

વાહન અકસ્માતો ઉપર અંકુશ મેળવવા અને ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી માટે ગુજરાત રાજયમાં ગત તા. ૨૨/૭થી આગામી તા. ૨૧/૮/૨૪ સુધી ખાસ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ છે. આ ડ્રાઈવ દરમ્યાન અસરકારક કામગીરી કરવા અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં વધુ સ્પીડથી વાહન ચલાવતા ઈસમો, કેફી પીણું પીને વાહન ચલાવતા ઈસમો, ધૂમ સ્ટાઈલથી ભયજનક ડ્રાઈવીંગ કરતા ઈસમો તેમજ ટ્રાફિકના અન્ય નિયમોના ભંગ કરતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા ખાસ એકશન પ્લાન તૈયાર કરવામાં આવેલ અને અમરેલી જિલ્લામાં બનતા ગંભીર અને પ્રાણઘાતક વાહન અકસ્માતના બનાવોમાં મૃત્યુદર અને ગંભીર ઈજાનું પ્રમાણ ઘટાડવા તેમજ ટ્રાફિક નિયમોની સુયોગ્ય અમલવારી કરાવવા ટ્રાફિક એન્ફોર્સમેન્ટ માટે અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન અને સુચના આપવામાં આવેલ હોય. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન ટ્રાફિકના નિયમોના ભંગ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવેલ.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સદરહું ડ્રાઈવ દરમ્યાન આધૂનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સ્પીડ ગનની મદદથી સ્પીડ લીમીટ કરતાં વધુ સ્પીડથી વાહન ચલાવતા વાહન ચાલકો વિરૂધ્ધ કુલ ૭૪ કેસો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઈન્ટરસેપ્ટર વાન દ્વારા સીટબેલ્ટના ૩૮ કેસો, ડ્રાઈવીંગ દરમ્યાન મોબાઈલ ફોન ઉપયોગ કરવા અંગેના ૧૩ કેસો, ત્રણ સવારી અંગેના ૧૮ કેસો અને હેલમેટ અંગેના ૪૦૯ કેસો મળી કુલ ૫૨૧ કેસો કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સદરહું ડ્રાઈવ દરમ્યાન કેફી પીણું પીધેલ હાલતમાં વાહન ચલાવતા કુલ ૨૫ ઈસમોને પકડી પાડી તેમના વિરૂધ્ધ એમવી એકટ કલમ ૧૮૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદરહું ડ્રાઈવ દરમ્યાન માણસની જિંદગી જોખમાય તે રીતે ભયજનક રીતે વાહન ચલાવતા ઈસમો વિરૂધ્ધ કુલ ૨૪ કેસો કરી તેમના વિરૂધ્ધ બીએનએસ કલમ ૨૮૧ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ ડ્રાઈવ દરમ્યાન પોતાનું વાહન ટ્રાફિકને ભયજનક રીતે અડચણરૂપ થાય તે રીતે રાખેલ હોય તેવા ઈસમો વિરૂધ્ધ કુલ ૧૫ કેસો કરી, તેમના વિરૂધ્ધ બીએનએસ કલમ ૨૮૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લાં પોલીસ દ્વારા સદરહું ડ્રાઈવ દરમ્યાન કેફી પીણું પી વાહન ચલાવતા ઈસમોના વાહનો, ભયજનક રીતે વાહન ચલાવતા ઈસમોના વાહનો તથા ડ્રાઈવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન લગત કાગળો સાથે રાખ્યા વગર વાહન ચલાવતા ઈસમોના વાહનો મળી કુલ ૭૯ વાહનો ડીટેઈન/જપ્ત કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સદરહું ડ્રાઈવ દરમ્યાન ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોરવ્હીલર તેમજ અન્ય વાહનોમાં નિયમ મુજબની કેપેસીટી કરતાં વધુ વ્યકિતઓ બેસાડેલ હોય તેવા કુલ વાહન ચાલકો વિરૂધ્ધ કુલ ૫૮૭ કેસો કરવામાં આવેલ છે. જે પૈકી ૫૪૦ વાહનોને સ્થળ દંડ આપી કુલ રૂા. ૧,૬૧,૬૦૦નો સ્થળ દંડ વસૂલ કરવામાં આવેલ છે. તેમજ અન્ય ૪૭ વાહનો વિરૂધ્ધ કોર્ટ એન.સી. મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

વાહન અકસ્માતો ઘટાડવા ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવાની કામગીરીની સાથોસાથ ટ્રાફિક અને માર્ગ સલામતિ અંગે લોકોમાં તથા વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાય તે હેતુથી અમરેલી જિલ્લા અને ટ્રાફિક પોલીસ દ્વારા એચ.બી. સંઘવી કોલેજ-રાજુલા, શ્રી ટી.પી. અને શ્રીમતિ એમ.ટી.ગાંધી સરકારી ગર્લ્સ હાઈસ્કુલ-અમરેલી તેમજ શ્રી કે.કે.પારેખ અને મહેતા આર.પી. (નૂતન) વિદ્યાલય, અમરેલી ખાતે વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો અને માર્ગ સલામતી અંગે જાણકારી આપી ટ્રાફિકના નિયમો દર્શાવતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

આગામી તા. ૨૧/૮/૨૪ સુધી ટ્રાફિક ડ્રાઈવની કામગીરી શરૂ છે ત્યારે અમરેલી જિલ્લાની જાહેર જનતાને વાહન અકસ્માતોથી બચવા અને અકસ્માતોમાં થતાં મૃત્યુદરમાં ઘટાડો લાવવા માત્ર ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન જ નહીં પરંતુ હંમેશા ટ્રાફિક અને માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવે છે.

## વેપારીઓ, વાહનચાલકો સહિત સૌ કોઈ પરેશાન

# અમરેલીના સરદાર ચોકથી હીરામોતી ચોક સુધીનો માર્ગ બિસ્માર બન્યો

**નગરસેવીકા સોનલબેને ચીફ ઓફિસરને પત્ર લખ્યો**



અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરના મુખ્ય માર્ગ એવા ચકકરગઢ રોડ પર આવેલ સરદાર ચોકથી હીરામોતી ચોક અને ત્યાંથી ભીડભંજન મહાદેવ સુધીનો રોડ હાલમાં ખુબ જ બિસ્માર હાલતમાં હોય, ચોમાસાની સીજન દરમ્યાન અહીંયા ખુબ જ પાણી ભરાતુ હોય અહીંયાથી નાના વાહનો તથા મોટા વાહનો તથા રાહદારીઓની અવરજવર રહેતી હોય તેમજ અહીંયા વેપારી પણ ખુબ જ વધારે હોય અને અહીંયા પસાર થતા લોકો વચ્ચે અકસ્માત થતા હોય જેથી આ રોડ તાત્કાલીકના ધોરણે બનાવવાની ખુબ જ જરૂરીયાત છે. જો આ રોડનું કામ તાત્કાલીક દિવસ-૭માં રીપેરીંગ અથવા ડામર રોડનું કામ શરૂ નહીં થાય તો વિપક્ષ તરીકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ નગરપાલિકા સોનલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને ચીમકી આપી છે.

## સમગ્ર પાંચાળ વિસ્તાર વીજળીની લ્હાયમાં ચક્રવ્યુહમાં ફસાઈ ગયો

# બાબરામાં મનફાવે તે જમીન પર પવનચક્કી અને વીજપોલ લગાવવાની પરંપરામાં જળાશયમાં પણ વીજપોલ ઉભા કરી દેવાયા

**એકપણ પદાધિકારી કે અધિકારી તટસ્થ તપાસ કરવા તૈયાર થતા જ નથી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાં પાંચાલની ધરતી પર હજારોની સંખ્યામાં પવનચક્કી ઓ ઉભી કરી દેવામાં આવી છે. પવનચક્કીમાંથી ઉત્પન્ન થતી વીજળી આજુબાજુ કે દૂર આવેલ સબસ્ટેશન પર પહોંચાડવાની હોય છે . એ માટે સમગ્ર પંચાલ વિસ્તારમાં લાખોની સંખ્યામાં આડેધડ વીજપોલ ઉભા કરી દેવામાં આવ્યા છે અને મોટા ભાગના વીજપોલ ગૌચર, સરકારી ખરાબામાં ઉભા કરી દેવામાં આવ્યા છે . પાંચાલ વિસ્તારમાં હજારો વીઘા ગૌચર અને ખરાબો આવ્યો છે. એ વિસ્તારની આડેધડ વીજપોલ નાખીને દશા બદલી નાખી છે .

આ બારાની તટસ્થ તપાસ કરવામાં આવે તો હજારોની સંખ્યામાં બિન કાયદેસર ઉભા કરવામાં આવેલા વીજપોલ કાઢવા પડે એવી સત્ય હકીકત છે. પણ આવી તાપસ કરે કોણ એવા સવાલો પંચાલના લોકો ઉઠાવી રહ્યા છે.

પાંચાલમાં આવેલ નાની કુંડળ ગામે ઈતરીયાના રસ્તે આવેલ નવોથો ડેમની અંદર આ પવનચક્કીના વીજપોલ ઉભા કરી દેવામાં આવ્યા છે. આ ડેમ માં મોટા પ્રમાણમાં પશુ પાલકો પોતાના માલઢોરને પાણી પાવા માટે આવતા હોય છે. ત્યારે કોઈ શોર્ટ સર્કિટ થશે અને કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો જવાબદાર કોણ એવા પણ સવાલો ગામના લોકો અને પશુ પાલકો ઉઠાવી રહ્યા છે .

હજુ બે દિવસ પહેલા પણ સમઢીયાળા ગામે ગૌચર જમીનમાં મોટી સંખ્યામાં વીજપોલ ઉભા કરી દેવાયા છે. ત્યારે નાની કુંડળ ગામે ડેમની અંદર ભરેલા પાણીમાં વીજપોલ ઉભા કરી દેવામાં આવ્યા છે.

આ અંગે તટસ્થ તપાસ કરીને બિન કાયદેસર ઉભા કરેલા વીજપોલને તત્કાલીક હટાવાની કામગીરી કરવી જોઈએ એવી માંગ પાંચાલની ભોળી પ્રજા કરી રહી છે.






















### ભાગદોડમાં ૭ લોકોના મોત અને ૧૬ ઘાયલ થયા

# બિહારના મખદુમપુરમાં બાબા સિદ્ધનાથ મંદિરમાં ભાગદોડ મચી

### મંદિરમાં જળ ચડાવતા લોકોની ભારે ભીડ હતી : પહેલા પાણી ચઢાવવા માટે ભક્તો ધમાલ કરવા લાગ્યા : ઝપાઝપી નાસભાગમાં ફેરવાઈ ગઈ હતી

જહાનાબાદ, તા ૧૨

બિહારના જહાનાબાદ જિલ્લાના મખદુમપુરમાં બાબા સિદ્ધનાથ મંદિરમાં ભાગદોડ મચી જવાથી ઓછામાં ઓછા ૭ લોકોના મોત થયા છે અને ૧૬ ઘાયલ થયા છે. સ્થાનિક રહેવાસીઓએ સંકેત આપ્યો છે કે મંદિરના પ્રવેશદ્વાર પાસે કંવરિયાઓ અને ફૂલ વિક્રેતાઓના જૂથ વચ્ચેના સંઘર્ષને કારણે આ ઘટના બની હશે. જો કે, નાસભાગ પાછળનું કારણ હાલમાં અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જહાનાબાદ જિલ્લા મેજિસ્ટ્રેટ અલંકૃતા પાંડેએ કહ્યું કે પરિસ્થિતિ હવે "નિયંત્રણ હેઠળ" છેઁ ."જહાનાબાદના બરાબર પહાડી વિસ્તારમાં આવેલા બાબા સિદ્ધેશ્વર નાથ મંદિરમાં નાસભાગમાં સાત લોકો, જેમાં મોટાભાગે કંવરિયા હતા, માર્યા ગયા હતા અને અન્ય ૧૬ લોકો ઘાયલ થયા હતા તેમ માહિતી પ્રાપ્ત થઈ છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ કંવરીયાઓ વચ્ચેના મતભેદને કારણે નાસભાગ મચી હોવાનું જણાય છે. "એવું લાગે છે કે કંવરિયાઓ વચ્ચે કોઈ મુદ્દા પરના વિવાદને કારણે નાસભાગ મચી ગઈ," વહીવટીતંત્ર હાલમાં મૃતક ભક્તોની ઓળખ કરવા પર કામ કરી રહ્યું છે અને અંતિમ સંસ્કાર કરવા માટે દરેક અસરગ્રસ્ત પરિવારોને ૨૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાનું નક્કી કર્યું છે. "આ ઘટનામાં મૃત્યુ પામેલા ભક્તોની ઓળખ માટે જોડાણ કરી રહ્યા છીએ. વહીવટીતંત્રે તેમના અંતિમ સંસ્કાર કરવા માટે મૃતકોના પરિવારોને ૨૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવાનો નિર્ણય લીધો છે. હાલના ધોરણો અનુસાર વધારાનું વળતર આપવામાં આવશે," ડીએમએ જણાવ્યું હતું. એક પ્રત્યક્ષદર્શીએ દાવો કર્યો હતો કે જ્યાં ઘટના બની તે સ્થળે પોલીસને બદલે માર્ગ પર તૈનાત કરવામાં આવી હતી.

"જો વહીવટીતંત્ર સારી રીતે કામ કર્યું હોત, તો ફૂલ વેચનાર લડાઈ પસંદ ન કરી શક્યા હોત. ત્યાં બોલાચાલી થઈ હતી. જો હું વધુ બે કે ચાર મિનિટ ત્યાં અટક્યો હોત, તો હું મરી ગયો હોત," તેમણે કહ્યું. "સ્થળ પર પોલીસ ક્યાંય દેખાતી ન હતી, તેઓ રસ્તા પર તૈનાત હતા. જો પોલીસ ત્યાં તૈનાત હોત, તો આ ઘટના બની ન હોત," પ્રત્યક્ષદર્શીએ ઉમેર્યું. જહાનાબાદના સબ-ડિવિઝનલ ઓફિસર જેહાનાબાદ વિકાસ કુમારે દાવો કર્યો હતો કે તમામ "વ્યવસ્થાઓ ચુસ્ત" હતી અને વહીવટીતંત્ર "સ્થિતિનો સ્ટોક" લઈ રહ્યું છે. "તે એક દુઃખદ ઘટના છે. તમામ વ્યવસ્થાઓ ચુસ્ત હતી, અમે પરિસ્થિતિનો અભ્યાસ કરી રહ્યા છીએ અને પછી તમને આ વિશે વધુ જાણ કરીશું," તેમણે કહ્યું. ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે મુકુંદાપુર અને આસપાસના વિસ્તારોમાં નજીકની તબીબી સુવિધાઓમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટના રવિવારે રાત્રે અંદાજે ૧૧.૩૦ કલાકે બની હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા આનંદ કુમાર ઉર્ફે વિશાલે જણાવ્યું કે આ ઘટના રાત્રે લગભગ ૧ વાગ્યે બની હતી. ત્યારે મંદિરમાં જળ ચડાવતા લોકોની ભારે ભીડ જોવા મળી હતી. પહેલા પાણી ચઢાવવા માટે ભક્તો ધમાલ કરવા લાગ્યા. થોડી જ વારમાં આ ઝપાઝપી નાસભાગમાં ફેરવાઈ ગઈ. આવી સ્થિતિમાં જેઓ બહાર નીકળ્યા તેઓ તો બચી ગયા, પરંતુ જેઓ અંદર ફસાયેલા રહ્યા, તેમના પર અનેક લોકો ચડીને બહાર નીકળવા લાગ્યા હતા. જેના કારણે સ્થિતિ નિયંત્રણ બહાર ગઈ હતી

અન્ય ઈજાગ્રસ્તોના જણાવ્યા અનુસાર, જો કે આ મંદિરમાં વર્ષના ૩૬૫ દિવસ ભક્તોની ભીડ રહે છે, પરંતુ શ્રાવણના મહિનામાં ભીડ વધુ વધી જાય છે. ખાસ કરીને સોમવારે મંદિરમાં જળાભિષેક કરવા માટે ભક્તોની લાંબી કતારો લાગે છે. આ વખતે પણ સાવનના ચોથા સોમવારે ભોલેનાથના જળાભિષેક માટે રવિવારે રાત્રે ૧૦ વાગ્યાથી જ કતારો લાગી ગઈ હતી. ૧૨.૩૦ પછી લોકો શિવલિંગ તરફ જવા લાગ્યા. દરમિયાન નાસભાગ મચી ગઈ હતી અને આ અકસ્માત થયો હતો. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે જાહેરાત કરી હતી કે સરકાર દરેક પીડિતના નજીકના સંબંધીઓને ૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપશે. મુખ્યમંત્રીએ પણ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું અને જાનહાનિ બદલ શોક વ્યક્ત કર્યો હતો. બિહારના સીએમ નીતિશ કુમારે જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો છે અને દરેક પીડિતના નજીકના સંબંધીઓને ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા આપવાના આદેશ આપ્યા છે," મુખ્યમંત્રી કાર્યાલયે જાહેરાત કરી.

### ૧૫,૦૦૦ થી વધુ ગુજરાતીઓ સહભાગી બન્યા હતા

# USA માં ફર્સ્ટ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શનને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું વર્ચ્યુઅલી સંબોધન

### આ કાર્યક્રમની ભવ્ય શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ સંસ્કૃત શ્લોક અને રાસ-ગરબાથી કરવામાં આવી હતી

ગાંધીનગર, તા.૧૨

ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન દ્વારા આયોજીત આ કોન્ફરન્સમાં રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિ ફેડરેશન ઓફ ગુજરાતી એસો સીએશન દ્વારા USA ખાતે ‘‘વન ગુજરાત, વન ગુજરાતી, વન વોઈઝ’’ ની ટેગલાઈન સાથે‘‘ફર્સ્ટ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન ૨૦૨૪’’ યોજાઈ હતી. જેમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૧૫,૦૦૦ થી વધુ ગુજરાતીઓ સહભાગી બન્યા હતા USA ખાતે ‘‘ફર્સ્ટ યુનાઈટેડ ‘‘ગુજરાતી કન્વેન્શન ૨૦૨૪’’ યોજાવામાં આવ્યું હતું. તા. ૨થી ૪ ઓગસ્ટ દરમિયાન યોજાયેલ આ કાર્યક્રમમાં ડલ્લાસ ખાતે રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ અને સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા પૂર્વ કૃષિમંત્રી અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી,પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા પણ ડલ્લાસ ખાતે સહભાગી થયા હતા. કાર્યક્રમની ભવ્ય શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ સંસ્કૃત શ્લોક અને ગુજરાતની ઓળખ સમા રાસ-ગરબાથી કરવામાં આવી હતી.

યુ.એસ.એ.સ્થિત લગભગ ૧૦૦ જેટલી ગુજરાતી સમુદાયની સંસ્થાઓએ સંયુક્તપણે ફેડરેશન ઓફ ગુજરાતી એસોસીએશન ફોગા નામની સંસ્થાની સ્થાપના કરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ કાર્યક્રમની સફળતા માટે પોતાનો શુભકામના સંદેશ પાઠવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી અમેરીકામાં વસતા ગુજરાતી સમુદાયને માર્ગદર્શીત કર્યા હતાં.

ડલ્લાસ ખાતેના આ ત્રણ દિવસના કાર્યક્રમ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતાં. ધાર્મિક સંતો દ્વારા ધ્યાન-યોગની અંગે માર્ગદર્શન આપી ભારતીય સંસ્કૃતિનું સિંચન થાય અને આવનારી પેઢીઓમાં પણ સનાતન ધર્મનો વારસો જળવાઈ રહે તેનું ચિંતન કરાયુ હતું. વર્ષોથી U.S.A. માં સ્થાયી થયેલા ગુજરાતીઓને સફળ નેતૃત્વ અને લીડરશીપ વિશે પણ માર્ગદર્શન અપાયું હતું. U.S.A. માં ફેડરેશન ઓફ ગુજરાતી એસો સીએશન ઓફયુ.એસ.એ.દ્વારા United Gujarati Summit 2024નું પહેલી વખત ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ફોગાના ઘણા પ્રતિનિધિઓએ ગુજરાતમાં આયોજીત થતી ‘‘વાયબ્રન્ટ ગુજરાત’’ ઈવેન્ટમાં પણ હાજરી આપી હતી અને ફોગાએ વાયબ્રન્ટ ગુજરાતની સફળતાને ધ્યાને લઈ યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન ૨૦૨૪ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયુ હતું. નરેન્દ્રભાઈ મોદીના ‘‘વોકલ ફોર લોકલ’’ ના મંત્રને ચરિતાર્થ કરતાં, ગુજરાત સરકાર તરફથી કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ રાજ્ય કક્ષાના મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માનું ‘‘યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન ૨૦૨૪’’ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું કચ્છના હાથ વણાટના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ સાલ અને અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતિ આપી સન્માન કરાયુ હતું. કનુભાઈ દેસાઈ અને જગદીશભાઈ વિશ્વકર્માએ પોતાના સંબોધનમાં ગુજરાતની વિકાસગાથા રજૂ કરી હતી. વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતમાં ઉદ્યોગોની સ્થાપના, રીવરફ્રન્ટ, ગિફટસિટી, ધોલેરાસર જેવા મેગા પ્રોજેક્ટ સહિતના ગુજરાતના સર્વાંગી વિકાસની વાતો ગુજરાતી સમુદાયના લોકોને વર્ણવી હતી. ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીઝ માટે બીઝનેશ ફ્રેન્ડલી એન્વાયરમેન્ટ છે. સાથે સાથે પ્રોએકટીવ પોલીસી મેકીંગ, મીનીમમ બેરીયર્સ ટુ સેટઅપ બીઝનેસ, ઈન્ડસ્ટ્રીયલ એન્ડ લોજેસ્ટીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી ઈકોસીસ્ટમ, ડીઝીટલ ગર્વનન્સ અને ઈઝ ઓફ લીવીંગ દ્વારા ગુજરાત સરકાર ઉદ્યોગકારોને ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા આવકારી રહી છે.આ કાર્યક્રમમાં U.S.A. કોંગ્રેસના લીડર, સેનેટ મેમ્બર અને ડલ્લાસના મેયર ઉપસ્થિત રહ્યા હતા અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં થયેલ વિકાસલક્ષી કામગીરીની પ્રસંશા કરી હતી. U.S.A.માં વસતા આપણા ગુજરાતીઓએ આ સમિટમાં એકઝીબિશન અને સ્ટોલ પણ રાખેલ હતાં. ત્યાંના ઉદ્યોગપતિઓ સાથે ગુજરાતના બંને મંત્રીઓ એ આવનારા દિવસોમાં ગુજરાતમાં પોતાનો વ્યવસાય કેવી રીતે કરવો અને ગુજરાતમાં વધુમાં વધુ રોકાણ કેવી રીતે કરવું તેની વિસ્તૃત ચર્ચા કરી હતી.

આવનારા દિવસોમાં U.S.A.ના ગુજરાતીઓનું ડેલિગેશન ગુજરાત આવે તે માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

### હિંડનબર્ગ રિસર્ચના નવા રિપોર્ટને લઈને ભાજપના પ્રહાર

# હિંડનબર્ગ મારફતે દેશની પ્રગતિને રોકવાનું કોંગ્રેસનું ષડયંત્ર : ભાજપ

### હિંડનબર્ગમાં જ્યોર્જ સોરોસનું મુખ્ય રોકાણ છે, જેઓ ભારત વિરુદ્ધ સતત દુષ્પ્રચાર ચલાવે છે : રવિશંકર પ્રસાદ

નવી દિલ્હી, તા.૧૨

ભાજપના નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે, ભારતીય રોકાણકારો હિંડનબર્ગ અને કોંગ્રેસની મિલીભગત અને સુઆયોજિત કાવતરાને સમજી ગયા છે. જેના કારણે, આજે પણ ભારતનું શેરબજાર સ્થિર છે. હિંડનબર્ગને ગત જુલાઈમાં નોટિસ આપવામાં આવી હતી પરંતુ તેનો જવાબ આપવાને બદલે હિંડનબર્ગે આ નવો મોરચો ખોલ્યો છે. કોંગ્રેસ અને તેમની ટુલકીટ દેશને નફરત કરે છે. દેશને આર્થિક રીતે નબળો પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં કોંગ્રેસ પણ સામેલ છે.

હિંડનબર્ગ રિસર્ચના નવા રિપોર્ટ પર રાજકીય ગરમાવો વધી ગયો છે. હિંડનબર્ગ રિસર્ચના નવા રિપોર્ટને લઈને ભાજપ અને કોંગ્રેસ બંને એકબીજા પર પ્રહારો કરી રહ્યા છે. ભાજપે હિંડનબર્ગના આરોપોને પાયાવિહોણા ગણાવીને કહ્યું છે કે દેશ વિરુદ્ધ આર્થિક ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. હિંડનબર્ગના લોકો ભારત વિરોધી પ્રચાર ચલાવે છે. શેરબજારને હચમચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

ભારતીય જનતા પાર્ટીએ, આજે સોમવારે હિંડનબર્ગ મુદ્દે પત્રકાર પરિષદ યોજી હતી. ભાજપના નેતા રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધતા કહ્યું કે કોંગ્રેસ અને તેની ટુલકીટ દેશને નફરત કરે છે. ક્યારેક રાફેલનો પત્ર, ક્યારેક હિંડનબર્ગનો અહેવાલપ આખરે કોંગ્રેસ શું ઈચ્છે છે ? દેશની પ્રગતિને રોકવાનું ષડયંત્ર છે. તેઓ આરોપ લગાવીને ભાગી જાય છે. હિંડનબર્ગના આક્ષેપો પાયાવિહોણા છે. રવિશંકર પ્રસાદે કહ્યું કે, ભારતમાં સીધુ વિદેશી મૂડીરોકાણ (FDI)ને આવતુ રોકવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. કોંગ્રેસ દેશમાં આર્થિક અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. મોદીના પીએમ બનવાથી કોંગ્રેસ ચિંતિત છે. કોંગ્રેસને પીએમ પ્રત્યે નફરત છે. ભારતીય રોકાણકારો હિંડનબર્ગ અને કોંગ્રેસની મિલીભગત અને સુઆયોજિત કાવતરાને સમજી ગયા છે. તેથી આજે પણ ભારતનું શેરબજાર સ્થિર છે. હિડનબર્ગ મારફતે કોંગ્રેસ, દેશનું શેરબજાર અને નાના રોકાણકારોને બરબાદ કરવા માંગે છે.રવિશંકર પ્રસાદે કહ્યું કે, હિંડનબર્ગમાં જ્યોર્જ સોરોસનું મુખ્ય રોકાણ છે, જેઓ ભારત વિરુદ્ધ સતત દુષ્પ્રચાર ચલાવે છે. કોંગ્રેસ જણાવે કે તેઓ શું ઈચ્છે છે ? મોદીને નફરત કરતી વખતે કોંગ્રેસ દેશને નફરત કરવા લાગી છે. જો ભારતનું શેરબજાર બગડશે તો નાના રોકાણકારો પાયમાલ થશે. ટુલકીટ વાળા લોકોને ભારતના વિકાસની ચિંતા નથી.ક્યાંકથી ચિટ મેળવો અને ફરી શરૂ કરોપ કોંગ્રેસનું રાજકારણ ટુલકીટ અને ચિટ પર ચાલે છે. ક્યારેક રાફેલની ચિટ તો ક્યારેક હિંડનબર્ગની ચિટ. કોંગ્રેસના જૂના નેતાઓ કેમ ચૂપ છે? હિંડનબર્ગને નોટિસ આપવામાં આવી છે. સેબીએ જુલાઈમાં હિંડનબર્ગને નોટિસ આપી હતી પરંતુ જવાબ આપવાને બદલે હિંડનબર્ગે આ નવો મોરચો ખોલ્યો હતો. સેબી એક્ટમાં સુનાવણી અને અપીલ બંનેની જોગવાઈ છે.રવિશંકર પ્રસાદે વધુમાં કહ્યું કે, તેમને આશા હતી કે કોંગ્રેસ, તેના સાથી પક્ષો અને ટૂલ કીટ, દેશમાં ત્રીજી વખત સત્તાથી વિમુખ રહ્યાં બાદ સંયમ અને શાંતિ જાળવી રાખશે, પરંતુ તેમને મોદી સામે નફરત છે અને મોદીને હટાવવાના પ્રયાસો કરી રહ્યા છે. દેશને આર્થિક રીતે નબળો પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. દેશમાં આર્થિક અરાજકતા અને આર્થિક અસ્થિરતા સર્જવાના પ્રયાસો કોંગ્રેસ અને તેની ટુલકીટ દ્વારા થઈ રહ્યા છે.ગઈકાલ રવિવારે, લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ, હિંડનબર્ગના નવા રિપોર્ટ પર સેબી અને કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, સેબી ચીફ વિરુદ્ધ રિપોર્ટમાં ખૂબ જ ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. આનાથી સેબીની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચી છે. રાહુલ ગાંધીએ એવો પ્રશ્ન પણ કર્યો હતો કે, સેબીના વડાએ હજુ સુધી રાજીનામું કેમ આપ્યું નથી? રોકાણકારોનું નુકસાન કોણ ભરપાઈ કરશે?

### ઈમિગ્રેશન કોર્ટમાં કામનો ધમધમાટ

# USમાં ડિપોર્ટેશનના કેસમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો

### કોર્ટમાં ૪૪,૦૦૦ નવા ડિપોર્ટેશનના કેસ ફાઈલ : 30 સપ્ટેમ્બર સુધીમાં સંખ્યા લગભગ ૬૦ હજાર સુધી પહોંચી જશે

વોશિંગ્ટન, તા.૧૨

અમેરિકામાં અત્યારે ઈમિગ્રેશન કોર્ટ પર કામનો એટલો બધો બોજ આવ્યો છે કે અગાઉ ક્યારેય આટલું કામ જોવા નથી મળ્યું. તેનું કારણ છે કે ઈલિગલ માઈગ્રન્ટ્સને હટાવવા માટે ડિપોર્ટેશનના કેસ ધડાધડ ફાઈલ થઈ રહ્યા છે. તેના કારણે ઈમિગ્રેશન કોર્ટનું ભારણ પણ વધી ગયું છે. મેસેચ્યુસેટ્સ રાજ્યનો જ દાખલો લઈએ તો અમેરિકાની આસપાસના દેશોમાંથી હજારો લોકો હિંસા અને ઈનસિક્યોરિટીથી બચવા માટે આ સ્ટેટમાં ઘૂસી આવ્યા છે. પરંતુ તેમને ડિપોર્ટ કરવા માટે કેસીસનો ઢગલો થયો છે.આખી વાતને આંકડામાં સમજીએ તો ખ્યાલ આવશે કે ડિપોર્ટેશનની કામગીરી કેવી જોરદાર ચાલી રહી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ પહેલી વખત નવ મહિનાના ગાળામાં મેસેચ્યુસેટ્સ ઈમિગ્રેશન કોર્ટમાં ૪૪,૦૦૦ નવા ડિપોર્ટેશનના કેસ ફાઈલ કર્યા છે. હાલની ગતિએ જોવામાં આવે તો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ડિપોર્ટેશનના કુલ કેસની સંખ્યા લગભગ ૬૦ હજાર સુધી પહોંચી જશે જે એક રેકોર્ડ હશે.ફેડરલ ઈમિગ્રેશન ઓથોરિટી રેકોર્ડ સંખ્યામાં ડિપોર્ટેશનના કેસ કરી રહી છે. કેટલાય લોકો ઝપટે ચઢી ગયા છે અને કોર્ટમાં હિયરિંગના દિવસે ધક્કા ખાઈ રહ્યા છે. ગયા વર્ષે આટલા બધા ડિપોર્ટેશનના કેસ ફાઈલ નહોતા થયા. અગાઉ આખા વર્ષમાં ૫૪,૦૦૦ કેસ થયા હતા અને આ વખતે નવ મહિનામાં ૬૦ હજાર કેસ થઈ જવાના છે. અને આ માત્ર મેસેચ્યુસેટ્સ સ્ટેટની વાત છે. આમાંથી મોટા ભાગના કેસ કોર્ટમાં પેન્ડિંગ છે અને તેમાં વિરુદ્ધમાં ચુકાદો આવશે તો લોકોએ અમેરિકા છોડવું પડશે.અમેરિકામાં જો બાઈડન પ્રેસિડન્ટ બન્યા ત્યાર પછી છેલ્લા કેટલાક સમયથી ડિપોર્ટેશનની કામગીરીમાં વેગ આવ્યો છે. તેનું એક કારણ એ પણ છે કે અમેરિકામાં શરણ માટે ઘૂસનારા લોકો અસાઈલમ સીકર્સની સંખ્યા ઘણી વધી ગઈ છે. ખાસ કરીને યુએસ મેક્સિકો બોર્ડર પરથી તથા એરપોર્ટ પરથી મોટી સંખ્યામાં ઈમિગ્રન્ટ્સ આવી રહ્યા છે. એક એક્સપર્ટે કહ્યું કે આમાંથી ઘણા લોકો કાયદેસર રીતે યુએસમાં એન્ટ્રી મેળવે છે. ખાસ કરીને પેરોલ પ્રોગ્રામનો ઉપયોગ કરે છે. પોતાના દેશમાં રાજકીય અસ્થિરતાનું કારણ આપીને લોકો અમેરિકામાં ઘૂસતા હોય છે. પેરોલ પ્રોગ્રામનો ફાયદો ઉઠાવીને અમેરિકામાં હજારો માઈગ્રન્ટ આવી ગયા છે. તેમને ટેમ્પરરી રહેવાનું ઓથોરાઈઝેશન મળે છે. તેથી કેટલાય ઈમિગ્રન્ટ એવા છે જેમની સામે ડિપોર્ટેશનની નોટિસ આપવામાં આવી છે. ઈમિગ્રન્ટ આ નોટિસને કોર્ટમાં ચેલેન્જ કરી શકે છે અને એક પ્રકારની ઈમિગ્રેશન રિલિફ માગી શકે છે, જેમ કે તેઓ અસાઈલમ માગી શકે છે. હવે અમેરિકાની કોર્ટમાં આવા હજારો કેસોનો બેકલોગ સર્જાયો હોય છે તેથી ઈમિગ્રેશન જજ ફાઈનલ ઓર્ડર આપે તેમાં ઘણાય વર્ષો લાગી જાય છે. અમેરિકામાં કોઈ વ્યક્તિ ઈન્સ્પેક્શન વગર એન્ટ્રી કરે તો ગવર્નમેન્ટ તેની સામે ડિપોર્ટેશન કેસ ફાઈલ કરી શકે છે. એટલે કે ઓથોરાઈઝેશન વગર પ્રવેશ કરવાના કારણે કેસ થાય છે. ત્યાર પછી તેમના કેસનો નિકાલ આવે અને ડિપોર્ટેશનનો ઓર્ડર આવી જાય તો મોટા ભાગના લોકોને અમેરિકન સરકારના ખર્ચે તેમના દેશમાં પરત મોકલી દેવામાં આવે છે, અથવા બીજા કોઈ દેશમાં મોકલાય છે. ઈમિગ્રન્ટ્સ ઈચ્છે તો પોતાના ખર્ચે પણ જઈ શકે છે જેને વોલન્ટરી ડિપાર્ચર કહેવામાં આવે છે. ડિપોર્ટેશનના કેટલાક ચુકાદાની સામે અપીલ કરી શકાય છે.ઈમિગ્રેશન કોર્ટમાં કેસ પહોંચે એટલે દર વખતે રિમુવલનો ઓર્ડર આવે એવું નથી હોતું. ઘણી વખત રિમુવલના ઓર્ડર બહુ ઓછા હોય છે અને ડિપોર્ટેશનના કેસ ઘણા વધારે ફાઈલ થયેલા હોય છે. એક્સપર્ટના કહેવા અનુસાર તેનું કારણ એ છે કે ડિપોર્ટેશનના કેસનો ચુકાદો આવવામાં ઘણી વખત વર્ષો લાગી જાય છે તેથી સંખ્યામાં આટલો બધો ફેર આવે છે.

આખી સિસ્ટમની હવે ટીકા થઈ રહી છે અને જાણકારો કહે છે કે અમેરિકાની ઈમિગ્રેશન સિસ્ટમનો બ્રેકિંગ પોઈન્ટ આવી ગયો છે. હવે આનાથી વધારે તેની કેપેસિટી વધી શકે તેમ નથી અને કેસનો નિકાલ પણ કરી શકે તેમ નથી. તેથી ડિપોર્ટેશનની અરજીના નિકાલમાં પણ ઘણો વધારે સમય લાગતો રહેશે.

મેસેચ્યુસેટ્સ કોર્ટ દ્વારા છેલ્લા ૨૪ વર્ષમાં કેટલા રિમુવલ ઓર્ડર આવ્યા તેની ડિટેલ પણ આપવામાં આવી છે. તે મુજબ ૨૦૦૬ નું વર્ષ એ રેકોર્ડ વર્ષ હતું કારણ કે તેમાં ૫૮૦૦થી વધારે રિમુવલ ઓર્ડર અપાયા હતા. ગયા વર્ષે મેસેચ્યુસેટ્સની ઈમિગ્રેશન કોર્ટ દ્વારા ૫૦૦૦થી વધારે રિમુવલ ઓર્ડર અપાયા હતા. ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં હજુ ૩૯૦૦ રિમુવલ ઓર્ડર આપવામાં આવે તેવી શક્યતા છે.

### સરકારની વાત "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની માત્ર વાતો

# ગુજરાત સરકાર દ્વારા શિષ્યવૃત્તિના નિયમોમાં કરેલા ફેરફાર સામે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

### કોંગ્રેસ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારમાં જુદી-જુદી પાંખ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું

સુરત, તા.૧૨

ગુજરાત સરકાર દ્વારા શિષ્યવૃત્તિના નિયમોમાં કરેલા ફેરફાર સામે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે વિરોધ પ્રદર્શન સાથે કહ્યું હતું કે ભાજપ સરકારની વાત "એક ભારત શ્રેષ્ઠ ભારત" ની પણ શિષ્યવૃત્તિમાં ભેદભાવ રાખે છે. આ ઉપરાંત શિષ્યવૃત્તિનો લાભ અંગે જે કાયદાકીય ફેરફાર કરી આધાર કાર્ડ-રેશન કાર્ડ તેમજ વાલી મૂળ ગુજરાતી હોવું ફરજીયાત પુરાવા માંગી તેમના હક્ક-અધિકાર થી વંચિત રાખવાના અન્યાયી વલણનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા વર્ષોથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-જિલ્લા પંચાયત પ્રાથમિક શાળા તેમજ ગ્રાન્ટ ઈન એડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિનો લાભ અંગે જે કાયદાકીય ફેરફાર કરવામાં આવ્યા છે. તેના કારણે અનેક વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત રહી જાય તેવી શક્યતા હોવાથી કોંગ્રેસ દ્વારા આજે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારમાં જુદી-જુદી પાંખ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શિક્ષણ સમિતિના કોંગ્રેસના પૂર્વ સભ્ય સુરેશ સુહાગિયા દ્વારા વિરોધ પ્રદર્શન દરમિયાન કહ્યું હતું કે, એક ભારત શ્રેષ્ઠ ભારત"ની વાતો કરતી ભાજપ સરકાર દ્વારા સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને મળતી શિષ્યવૃત્તિના નિયમોમાં જે ફેરફાર કરી આ તાનાશાહ સરકાર દ્વારા બાળકો સાથે શિષ્યવૃતિમાં જે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે.

કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલ વાલાએ વિરોધ પ્રદર્શન દરમિયાન કહ્યું હતું મેટ્રીક શિષ્યવૃત્તિનો લાભ અંગે જે કાયદાકીય ફેરફાર કરી આધાર કાર્ડ તથા રેશન કાર્ડ તેમજ વિદ્યાર્થીના વાલી મૂળ ગુજરાતી હોવું ફરજીયાત પુરાવા માંગી તેમના હક્ક-અધિકાર થી વંચિત રાખવાના અન્યાયી વલણ સરકારનું છે. તેના કારણે અનેક વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત રહી જશે. તેના કારણે વરસાદમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

### એક વ્યક્તિ પાસેથી ૧૨ બોરની બંધુક મળી આવી

# ૧૫ ઓગસ્ટને લઈ વડોદરા રેલ્વે સ્ટેશન ઉપર ચેકીંગ હાથ ધરાયું

### ૧૫મી ઓગસ્ટને લઈને રેલવે પોલીસ, એસઓજી, બીડીએસ અને યુઆરટીની ટીમ દ્વારા ચેકિંગ કર્યું

વડોદરા, તા.૧૨

૧૫ મી ઓગસ્ટને લઈને વડોદરા રેલવે સ્ટેશન વિસ્તારમાં રેલવે પોલીસ, એસઓજી, બીડીએસ અને યુઆરટીની ટીમ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. ત્યારે એક વ્યક્તિ પાસેથી ૧૨ બોરની બંધુક મળી આવતા તર્ક વિતર્ક સર્જાયા હતા. પરંતુ તે વ્યક્તિ સિક્યુરિટી ગાર્ડ હોય તેની પાસે બંદૂકનું લાયસન્સ હોવાનું જાણવા મળી રહ્યું છે. જેથી પોલીસ દ્વારા આ વ્યક્તિ ક્યાંના છે અને ક્યાં નોકરી કરે છે તેને પૂછપરછ કરાઈ રહે છે. વડોદરા શહેરમાં ૧૫મી ઓગસ્ટની ધામધુમથી ઉજવણી કરવામાં આવતી હોય છે.

ત્યારે સ્વાતંત્ર પર્વ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા લોકોની સુરક્ષા માટે સયાજીગંજ વિસ્તારમાં આવેલા રેલ્વે સ્ટેશન પર રેલવે પોલીસ, એસઓજી, બીડીએસ અને પીઆરટીની ટીમ દ્વારા સંયુક્ત રીતે ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તે દરમિયાન રેલ્વે સ્ટેશન પર એક શખ્સ બેગ લઈને ઊભો હોય તેના પર શંકા જતા પોલીસ દ્વારા તેમની પાસેના બેગનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. ત્યારે બેગમાંથી બાર બોરની બંદૂક મળી આવતા પોલીસ પણ એક તબ્બકે ચોકી ગઈ હતી.

જેથી તે વ્યક્તિની પૂછપરછ કરતા તે સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસે બંદુકનું લાઈસન્સ પણ હોવાનું માલુમ પડતાં પોલીસે હાશકારો અનુભવ્યો હતો. જેથી પોલીસ દ્વારા સિક્યુરિટી ગાર્ડ ક્યાંના છે અને ક્યાં નોકરી કરે છે એ તમામ બાબતોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### "ઘનિષ્ઠ વનીકરણ ઝુંબેશ" અંતર્ગત

# બાબરા સ્થિત શ્રી તાપડીયા આશ્રમ ખાતે આજે જિલ્લાકક્ષા વન મહોત્સવ યોજાશે

### સાંસદ સુતરીયા, નાયબ દંડક વેકરીયા, ધારાસભ્યો ઉપસ્થિત રહેશે

અમરેલી તા.૧૨

૭૫મો વન મહોત્સવ " ઘનિષ્ઠ વનીકરણ ઝુંબેશ " અંતર્ગત તા.૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ને મંગળ વારના રોજ સવારે ૯:૩૦ કલાકે બાબરા સ્થિત શ્રી તાપડીયા આશ્રમ ખાતે જિલ્લાકક્ષા વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ–૨૦૨૪ યોજાશે. સમગ્ર રાજયમાં ઘનિષ્ઠ વનીકરણને પ્રોત્સાહન આપવા અને ગ્રીન કવરમાં વધારો કરવાના ઉદેશથી વન તંત્ર દ્વારા આ કાર્યક્રમનું રાજયવ્યાપી આયોજન થાય છે.

બાબરા ખાતેના આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, જિલ્લાના ધારાસભ્યો, કાર્યક્રમમાં જિલ્લા પંચાયતનાં સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, રાજકોટ સામાજીક વનીકરણ વર્તુળ, વનસંરક્ષક આર. સેન્થીલકુમારન સહિતના મહાનુભાવો જોડાશે.

અમરેલી જિલ્લામાં તાઉતે વાવાઝોડા સમયે અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા, ત્યારબાદ જિલ્લામાં ગ્રીન કવર વધારવા માટે સતત વૃક્ષારોપણ થઈ રહ્યું છે. સેવાભાવી સંસ્થાઓ, મહાનુભાવો અને જાગૃત નાગરિકો આ અંગેની પ્રવૃતિઓમાં જોડાય રહ્યા છે.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે જિલ્લામાં શહેરી અને ગ્રામ્ય કક્ષાએ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે સમગ્ર દેશમાં એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પ્રવૃતિઓ શરૂ છે. ૭૫માં વન મહોત્સવની ઉજવણીમાં સહભાગી બનવા જિલ્લા વહીવટી તંત્ર અમરેલી જિલ્લા વન તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બાબરા ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ





બાબરામાં ૭૮માંસ્વતંત્રતા પર્વની ઉજવણી નિમિતે ત્રિરંગાયાત્રા યોજાય હતી. જેનો પ્રારંભ લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા થયો હતો. તાપડીયા આશ્રમ ખાતેસવારે૯ કલાકેત્રિરંગા યાત્રામ યોજાઈ હતી. જેમાં શહેરની દરેક શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, લાઠી પ્રાંત અધિકાર બાબરા મામલતદાર, પી એસ આઈ પી આઈ સહિત દરેક સરકારી વિભાગના અધિકારીફ અને કર્મચારીઓ તેમજ જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, નગરપાલિકા ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, અજિતભાઈ ખોખરીયા, લલિતભાઈ વેકરિયા, કિરીટભાઈ બગડા, અલતાફભાઈ નથવાણી, બીપીનભાઈ રાદડીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, હિતેશભાઈ કલકાણી, વાસુરભાઈ ચૌહાણ, નરેશભાઈ દસલાણીયા, અનિલભાઈ ચૌહાણ, હસુભાઈ પોપટ, જગુભાઈ ખાદા, આસિફ વાળા, મનિસભાઈ દરજી સહિતના સ્થાનિક અગ્રણીઓ અને લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### મોટી કુંકાવાવનાં જાગૃત નાગરિકે આરોગ્ય મંત્રીને પત્ર પાઠવ્યો

## અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં દર્દીઓને થતી વિવિધ પરેશાની દૂર કરો

### આધુનિક સાધનો અને તબીબોનો અભાવ જોવા મળે છે

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં સરકારી હોસ્પિટલ હતી. તે એક ખાનગીટ્રસ્ટને આપી દેવામાં આવી છે. અને તે હોસ્પિટલમાં સુવિધાને બદલે ગરીબ દર્દીને મફત સારવાર અને દવાઓ મળતી બંધ થઈ ગઈ છે અને અમરેલી જિલ્લાની જનતાને આરોગ્ય સેવા માટે મોટા શહેરોમાં જવુ પડે છે. આ અમરેલી જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં નથી ડોકટર નથી દવાઓ અને તમામ ડોકટરો માત્ર ખાલી પેપર ઉપર રાખવામાં આવ્યા છે અને રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ ચોકકસ તપાસકરવામાં આવતી નથી અને આ અમરેલીની શાન્તાબા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં રૂપિયા લેવામાં આવી રહ્યા છે અને ડિલિવરીવાળી મહિલાને પણ કોઈ સારવાર મળતી નથી. હાડકાના દર્દીને પણ ૫ દિવસ ઓપરેશન થતા નથી અને સરકારી હોસ્પિટલ હોવા છતા આયુષ્માન કાર્ડ દર્દી હોય તો દર્દી જયા સુધી ના લાવે ત્યાં સુધી દર્દીને કોઈ સારવાર આપવામાં આવતી નથી.

ઉપરાંત હાલમાં જે આ ચાંદી પુરા દેશમાં હાહાકાર બોલાવ્યો છે તે પણ નાના બાળકોમાં આવ્યો છે. પણ જો સરકાર આ અમરેલીના શાન્તા બા મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભરોસા ઉપર પ્રસરતો અમરેલી જિલ્લમાં આ વાયરસ મોટા પ્રમાણમાં ફેલાઈ જશે કારણ કે, ઓ હોસ્પિટલમાં ખાલી પેપર ઉપર ડોકટર છે અને દવાઓ પણ ફ્રી નથી આપવામાં આવતી મોટા ભાગની દવાઓ બહારથી પોતાનો સિવિલ કેમ્પસમાં ગેરકાયદેસર મેડિકલ ઉભો કરવામાં આવ્યો છે. તેમાંથી ફરજીયાત લેવાનો આગ્રહ થાય છે. જયારે ચેકિંગ આવે તમામ ડોકટર ને બોલાવી લેવામાં આવે છે અને હાજરી પુરી ચેકિંગ કરી જતા રહે છે. તો આ બાબતે સરકારે ગંભીર વાતને ધ્યાન ઉપર લઈ અને તાત્કાલીક અલગ સુવિધા ઉભી કરાવવા મોટી કુંકાવાવનાં જાગૃત નાગરકિ સુરેશભાઈ પરમારે કેન્દ્રના આરોગ્ય મંત્રીને પત્ર પાઠવામાં આવ્યો છે.

## અમરેલી : વીર શહીદ મનિષ મહેતા ટ્રસ્ટ દ્વારા રોકેટ રજીમેંન્ટનાં જવાનોને રાખડી મોકલાઈ



અમરેલી તા.૧૨

અમરેલીના ગૌરવ વીર શહીદ મનીષ ગુણવંતરાય મહેતા આર્મીના રોકેટ રજીર્મેન્ટ ખાતે ફરજ બજાવતા હતા.

જેઓ ૧૯ જાન્યુઆરીએ ૨૦૨૩ના ફરજ દરમ્યાન શહીદ થયા પણ તેમના દરેક સાથી જવાન મનીષ મહેતા જ છે એવી ભાવના સાથે વિર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ અમરેલી પરિવાર દ્વારા એનના રજીર્મેન્ટના સાથી ૩૦૦ થી વધુ સાથી વિર જવાનોને રાષ્ટ્ર માટે દુશ્મનો સાથે લડવાની તાકાત મળે અને વિર જવાનો દિર્ધાયુ અને નીરોગી રહે રાષ્ટ્ર માટે હંમેશા અડીખમ રહે તેવી પ્રાર્થનાથી અમરેલી થી અસમ ખાતે ૧૮૧૨ રોકેટ રજીર્મેન્ટ યુનિટના ૩૦૦ વિર જવાનો રક્ષાબંધન પર્વ પર રાખડી મોકલી હતી. મનીષ મહેતા ૧૪ વર્ષની ફરજ દરમ્યાન પરિવાર આર્મી યુનીટમાં રાખડી મોકલતા અને આજે એમના બલીદાન પછી પણ આજીવન પરિવાર મનીષ મહેતાના આર્મી યુનિટને રક્ષાકવચ મોકલતો રહેશે.

પરિવારનું કહેવાનું છે કે જવાન સેનામાં શહિદ ભલે થયા એ ફકત દેશ છોડે છે પણ એમનો આત્મા રાષ્ટ્ર માટે હંમેશા ફરજ પર જ હોય છે.ભારતીય સેનાના દરેક જવાન ટ્રસ્ટ પરિવાર માટે મનીષ મહેતા જ છે.

### વિદ્યાસંકુલ શરૂ થયાને ગણતરીનાં દિવસોમાં જ વિદ્યાર્થીઓ ચમકી ઉઠયા

## અમરેલીની નિત્યમ વિદ્યાસંકુલનાં ૧૫ વિદ્યાર્થીઓએ શાળાકીય કુસ્તી સ્પર્ધામાં સમગ્ર જીલ્લામાં પ્રથમ ૩ માં સ્થાન મેળવ્યું

### આગામી દિવસોમાં ૧૫ વિદ્યાર્થીઓ રાજયકક્ષાની સ્પર્ધામાં જોડાશે



અમરેલી, તા. ૧૨

તાજેતરમાં વડીયા સુરગવાળા હાઈસ્કુલ ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાની SGFI શાળાકીય કુસ્તી સ્પર્ધામાં નિત્યમ વિદ્યાસંકુલના વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ઠ દેખાવ.

નિત્યમ વિદ્યાસંકુલના ૧૫ જેટલા વિદ્યાર્થીઓ ટોપ થ્રીમાં સ્થાન મેળવી જીલ્લા ચેમ્પિયનશીપ મેળવવા માં સફળ રહ્યા છે. જેમાં Under-14 માં પહેલા ક્રમે સખરેલીયા, વૃંદ, Under-17 માં પહેલા ક્રમે ગોહિલ જયપાલસિંહ, કાછડીયા હેવીન, વાટલીયા તીર્થ, Under-19 માં પહેલા ક્રમે કાનાણી ખુશાલ, આલગીયા, વ્રજ રૈયાણી, હેપિન જયારે Under-14 માં બીજા ક્રમે ગોહિલ મેઘરાજસિંહ મુલાણી ભવ્ય, સગાડા અજય Under-17 માં બીજા ક્રમે સોજીત્રા જતન, મકવાણા અંકિત Under-19 માં બીજા ક્રમે સાકોરીયા પ્રથમ, ચૌહાણ મનિષ, અને માણીયા હેત રહ્યા હતા.

આ તકે સંસ્થાના ફાઉન્ડર ચેરમેન હસમુખ પટેલ તથા કોચ હાર્દિકભાઈ ત્રિવેદીએ ટ્રસ્ટ્રી હરેશભાઈ દેસાઈ જીગ્નેશભાઈ કયાડા, પ્રવિણભાઈ વસરાએ તમામ વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

# ચલાલા ખાતે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ઈ.એન. ટી. કેમ્પ યોજાયો





યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ચલાલા દ્વારા છેલ્લા વીસ વર્ષ થી આરોગ્ય ક્ષેત્રે આંખવિભાગ, દાંતવિભાગ, જનરલવિભાગ, આયુર્વેદિકવિભાગ વગેરે કેમ્પો દ્વારા દર્દીઓની વિના મુલ્યે સેવા કરવામાં આવી રહી છે. જેમાં આજ દિન સુધીમાં આંખના ૨૬૮ કેમ્પ પૂર્ણ કરી રેકોર્ડ સર્જયો છે. જેમાં દર મહિનાના બીજા રવિવારે કાન, નાક, ગળાનો કેમ્પ યોજાય છે. જેમાં ડો. પી. પી. પંચાલ સાહેબ દ્વારા દર્દીઓને કાન, નાક, ગળાના તમામ રોગોની તપાસ વિનામૂલ્યે કરી આપવામાં આવી રહી છે. જેમાં બધા દર્દીઓને ખુબ લાભ મળી રહ્યો છે.

સંસ્થા વતી પુ. ડો. રતિદાદાએ ડો. પી. પી. પંચાલ સાહેબની આ સેવાને બિરદાવી હતી, અને સંસ્થા વતી વધુમાં વધુ લાભ મળે અને બધા તંદુરસ્ત રહે તેવી પ્રાર્થના કરી હતી. સાથે ડો. પી. પી. સાહેબ દ્વારા સંસ્થામાં ચાલતી પ્રવૃતિઓથી ખુશ થયા હતા અને આ સેવા પ્રવૃતિમાં તેમનો પણ સહયોગ મળે છે. તે બદલ ધન્યતા અનુભવી હતી. આ કેમ્પને સફળ બનાવવા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતાએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ દર મહિનાના બીજા રવિવારે સવારે ૧૦ થી ૧૨ના સમયે યોજાશે.

# બાબરાનાં પાનસડા ખાતે પેટા આરોગ્ય કેન્દ્રનું ભૂમિપુજન કરતા ધારાસભ્ય જનક તળાવીયા



બાબરા તાલુકાનાં પાનસડા ગામે રૂા.૪૫ લાખનાં ખર્ચે નવનિર્માણ પામનાર પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુર્હૂત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામજનો અને અન્ય મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. બાબરા તાલુકાનાં પાનસડા ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું નિર્માણ થવા જનાર છે. ત્યારે આજરોજ ધારાસભ્યના હસ્તે ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા પાયાની સુવિદ્યાઓને ધ્યાને રાખીને આરોગ્ય ક્ષેત્રે સતત ઉન્નતિશીલ કામ કરવામાં આવી રહયું છે. પાનસડા ગામમાં નવું પેટા આરોગ્ય કેન્દ્ર બનવાથી ગ્રામજનોને ત્વરિત અને સુલભ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. આ કેન્દ્ર નવીનતમ તબીબી સુવિદ્યાઓથી સજજ હશે, જેથી ગામનાં લોકોએ આરોગ્ય સંબંધિત મુદાઓ માટે લાંબા અંતરે શહેરની હોસ્પિટલોમાં જવાનું ટાળી શકાશે. ખાતમુર્હૂત સમારોહ દરમિયાન ગામનાં લોકોમાં આ નવીન આરોગ્ય કેન્દ્ર પ્રત્યે આશાઓની લહેર જોવા મળી હતી અને દરેકે છેલ્લા ઘણા સમયથી અનેક વિકાસનાં કામો લાઠી તેમજ બાબરા પંથકમાં લાવનાર અને ખાસ કરીને આરોગ્યની સુવિદ્યાઓને લઈને સતત પ્રયત્નશીલ ધારાસભ્યનાં યોગદાનની પ્રશંસા કરી હતી. આ યોજના થકી પાનસડા ગામ અને આસપાસના વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની સુવિદ્યામાં મહત્વપૂર્ણ સુધારો થશે અને આ દિશામાં ધારાસભ્યના પ્રયાસો વખાણ યોગ્ય છે. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, મહેશભાઈ ભાયાણી ભાજપ આગેવાન, તાલુકા ભાજપ મહામંત્રી હીતેષભાઈ કલકાણી, ગામનાં સરપંચ, ઉપસરપંચ, તમામ ગ્રામ પંચાયતના સદસ્યઓ તેમજ આગેવાનો આરોગ્ય વિભાગનાં અધિકારી અને કર્મચારીઓ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

### ૨ થી ૩ વખત રીમઝીમ આગમન

## બાબરામાં વરસાદનું ઝાપટું પડી જતા ખેડુતોમાં રાહતની લાગણી

### શહેર સહિત સમગ્ર પંથકમાં ઝરમર વરસાદ પડતા રાહત

બાબરા તા.૧૨

બાબરામાં સવાર થી સાંજ સુધી વરસાદના બે ત્રણ ઝાપટા પડી જતા શહેરની બજારોમાં પાણી દોડવા લાગ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે પણ વરસાદની ખેડુતો મિત માંડી બેઠા છે હાલ વરસાદના ઝાપટાથી પાકને ફાયદો થયો છે.



### નિયમોની ઐસી કી તૈસી કરીને ખુલ્લેઆમ બાંધકામ

## લ્યો બોલો : બાબરામાં આડેધડ પવન ચક્કી બાદ મહાકાય કોમ્પ્લેક્ષ પણ બનાવવાનું શરૂ

### સ્થાનિક પાલિકા લાજ કાઢીને બેઠા હોય તેવુ લાગે છે

બાબરા તા.૧૨

બાબરા નગરપાલિકા વિસ્તાર અને અમરાપરા ગ્રામ પંચાયત વિસ્તારની હદમાં હાલ ત્રણ થી ચાર જગ્યા પર મસ મોટા કોમ્પ્લેક્ષો બની રહ્યા છે. અને બાંધકામ પણ પુર જોશમાં કરવામાં આવી રહ્યુ છે.

બાબારા શહેરમાં અમરાપરાની હદ વિસ્તારમાં આવેલ તિલ રોડ ટચ નવા કોમ્પ્લેક્ષ બનવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેની સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે અને અનેક અરજીઓ પણ નગરપાલિકા અને અમરાપરા ગ્રામ પંચાયતને કરવામાં આવી છે. આ ઉભા થતા અમુક કોમ્પ્લેક્ષો સરકારી જમીનમાં ઉભા થઈ રહ્યા છે.

ચિતલ રોડ હાલ વિકસિત રોડ છે અને ત્યાં દુકાનો અને જમીનોના ભાવ આસમાને પહોંચ્યા છે એવા સમયે કોઈ ભુમાફિયા સરકારી જમીન પચાવી પાડવાના મુડમાં હોય એવું લાગી રહ્યુ છે.

આ મસમોટા કોમ્પ્લેક્ષ હજુ બને છે એ પહેલા પાલિકા અને અમરાપરા ગ્રામપંચાયત દ્વારા અધિકારીઓને સાથે રાખી યોગ્ય તપાસ કરવી જરૂરી છે નહીંતર કરોડોની જમીન પર દબાણો થશે અને સરકારી જમીન ભુમાફીયાના હાથમાં આવી જશે.

શહેરમાં રહેતા બે યુવાનો તેજસભાઈ વાળા અને રાતડીયાભાઈ દ્વારા જુદા જુદા કોમ્પ્લેક્ષની જુદી જુદી કચેરીમાં અરજી અને માહિતી માંગવામાં આવી છે.અરજી દરમ્યાન પાલિકા દ્વારા નોટિસ પણ અમુક કોમ્પ્લેક્ષ બનાવનારને આપવામાં આવી છે.હાલ તો આ બાંધકામની કામગીરી ફુલ ગતિએ શરૂ છે પણ જો યોગ્ય તપાસ કરવામાં આવે તો સત્ય હકીકત બાર આવે એમ છે એવું અરજ કરનાર જણાવે છે અને આ બાબતે છેક ઉપર સુધી અને કોર્ટ સુધી જવાની પણ ચિમકી ઉચ્ચારી છે. હવે જોવાનું રહ્યુ કે જો બાબરાની હદમાં ખોટુ કે સાચુ બાંધકામ થતું હશે તો અટકાશે કે નહીં અને જો અમરાપરા ગ્રામ્ય પંચાયત વિસ્તારમાં થતું હશે તો યોગ્ય તપાસ થશે કે નહિં.

## લીલીયા : અમૃત બા વિદ્યાલય ખાતે તિરંગા યાત્રા યોજાઈ



લીલયા, તા. ૧૨

રાષ્ટ્રની એકતા એ અખંડિતતાનાં સંકલ્પ સાથે અમૃતબા વિદ્યાલય ખાતેથી આજે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા યાત્રાનું શાળાના આચાર્ય હસમુખભાઈ કરડ દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ જોડાય હતી. આ તકે શાળાના આચાર્ય હસમુખભાઈ કરડે ૧૫મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસ આવે ત્યાં સુધી ઘરોમાં ઓફીસમાં અને પોતાના વ્હિકલોમાં તિરંગો લગાવવામાં આવે તેવી અપીલ કરી હતી. તિરંગા યાત્રામાં વિદ્યાર્થીનીઓ સ્ટાફ કર્મચારીઓ જોડયા હતા. અને રાષ્ટ્ર ભકિતનો સંદેશો હરઘર તિરંગા અભિયાન અંતર્ગત પહોંચાડયો હતો.


શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
સ્કૂલ-કોલેજ-હોસ્ટેલ
આયોજિત

:: ધ્વજવંદન નિમંત્રણ ::
૭૮માં સ્વાતંત્ર્યદિન નિમિતે 'ધ્વજવંદન' કાર્યક્રમનું આયોજન કરેલ છે. ધ્વજવંદન બાદ સંસ્થાના સ્ટુડન્ટ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ થશે. તો સર્વે શુભેચ્છકશ્રીઓ. પૂર્વ અને વર્તમાન સ્ટાફ-સ્ટુડન્ટસ-પેરેન્ટસને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

:: ધ્વજવંદન ::
માન.શ્રી કૌશિકભાઈ વેકરીયા
મુખ્ય નાયબ દંડકશ્રી, ગુજરાત સરકાર

:: તારીખ - સમય ::
તા. ૧૫/૮/૨૦૨૪ને ગુરૂવાર,
સમય: સવારે ૦૮:૦૦ કલાકે.

:: સ્થળ ::
જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ ગ્રાઉન્ડ,
શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસ
કોમર્સ કોલેજ ગેઈટ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી

:: નિમંત્રક ::
માન. પ્રમુખશ્રી વસંતભાઈ ગજેરા
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા
લાઠી રોડ, અમરેલી


### પોલીસ સ્ટેશન નજીકની ઘટના

## બગસરા ખાતે મહેમાન બનેલ અજગર ને નિહાળવા મેદની એકત્ર

### ૧૦ ફુટ લાંબાઈ હોય આશ્ચર્ય ઉભુ થયું

બગસરા તા.૧૨

ગઈકાલના રાત્રિ દરમ્યાન બગસરા પોલીસ સ્ટેશન પાસે ચેક ડેમ પાસે જવાના રસ્તા ઉપર એક ૧૦ ફુટ લાંબો અજગરનું આગમન થયું હતું. આ અજગરને જોવા લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા. ત્યારે આ બાબતની જંગલ ખાતાને જાણ થતા વન વિભાગના અધિકારી તત્કાલ દોડી આવેલ હતા અને આ અગરને રેશકયું કરી પકડવામાં આવ્યો હતો. ત્યારબાદમાં જંગલ ખાતાની હદમાં છોડી મુકવામાં આવ્યો હતો. ત્યારે શહેરના લોકોમાં પણ આ અજગર



કયાંથી આવ્યો અને કેવો છે તે જોવા માટે લોકો મોટી સંખ્યામાં રાત્રિ દરમ્યાન પણ પહોંચી ગયા હતા. અજગરની લંબાઈ આશરે ૧૦ ફુટ જેટલી હતી જયારે આ અજગર પાણીમાં તણાઈને કદાચ શહેરમાં આવી ચડેલ હોય તેવું જંગલ ખાતાનું માનવું છે.

### પવિત્ર શ્રાવણમાસનાં પવિત્ર તહેવારની ઉજવણી

## બાબરાનાં પંચકુંડ શીતળા માતાજીનાં મંદિરે મહિલાઓ દ્વારા શીતળામાંનું પૂજન થયુ

### પતિ અને સંતાનનાં દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાઈ

બાબરા તા.૧૨

પવિત્ર શ્રાવણ માસમાં આવતી સુદ સાતમ શીતળા સાતમ તરીકે ઓળખાય છે અને મોટી સંખ્યામાં મહિલાઓ દ્વારા શીતળા માતાજીની સાતમ રહી માતાજીનુંપુજન અર્ચન કરી એક દિવસ ઠંડો ખોરાક આરોગી પતિ અને સંતાનના લાંબા નિરોગી આયુષ્ય માટે મંગળ કામના કરે છે.

અહીં બાબરામાં પંચકુંડ આવેલ શ્રી શીતળા માતાજીના મંદિરે સવારથી મોટી સંખ્યામાં મહિલાઓ આવે છે અને માતાજીને ફુલેરનો પ્રસાદ તેમજ નાગલા અર્પણ કરી માતાજીનું પૂજન અર્ચન કરે છે.



શીતળા સાતમમાં પતિ અને સંતાનના નિરોગી દીર્ઘાયુ માટે મહિલાઓ વ્રતની પૂર્ણ શ્રધ્ધા અને ભકિતસભર ઉજવણી કરે છે.

# અમરેલી જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ એકસેલન્સ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી



અમરેલીમાં ૧૦ ઓગષ્ટ ૨૦૨૪ના દિવસે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાની ખાસ ઉપસ્થિતિમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આપણા ગીરનું ગૌરવ સિંહ એટલે બહાદુરી વીરતા શૌર્ય અને શકિતનું પ્રતીક માનવામાં આવે છે. જેથી આપણે પણ સાવજની ધરતીનાં રહેવાસી તરીકે ગૌરવ અનુભવીએ છીએ. ત્યારે સિંહનુ જતન, રક્ષણ અને સંવર્ધન કરવુ આપણી ફરજ છે. આ હેતુ સાથે આપણી શાન, ગીરનું ગૌરવ સિંહ જેવા નારાઓ સાથે વિદ્યાર્થીઓએ સિંહના મોહરા પેહરીને સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી. તેમજ સિંહના ભવિષ્યઅને તેના રક્ષણ વિશે માહિતગાર ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ પ્રિન્સિપાલઓ અને શિક્ષકઓ વિશ્વ સિંહ દિવસ રેલીમાં સાથે જોડાયા હતા.




## જાફરાબાદનાં કાગવદર ગામની વચ્ચે વ્હેલી સવારે સિંહનું આગમન

# રખડુ શ્વાન ભસતા રહ્યા ને જંગલનાં રાજાએ ગામ વચ્ચે કર્યુ બ્રેકફાસ્ટ

રખડતા પશુનો શિકાર કરીને શાંતિથી સવારનો નાસ્તો કર્યો અને ગામજનોએ વનરાજાનાં કર્યા દર્શન

કોઈપણ જાતનાં હાંકલા-પડકારા વગર શાંતિથી પેટ ભરીને ચાલતી પકડી

સિંહનાં બ્રેકફાસ્ટ વચ્ચે ગામજનો પણ નિરાંતે અવરજવર કરતા જોવા મળ્યા

જિલ્લાનાં અનેક ગ્રામ્ય વિસ્તારમાં સિંહોનાં આંટાફેરા એ રોજિંદી ઘટના બની ચુકી છે



અમરેલી, તા. ૧૨

જાફરાબાદ તાલુકાના કાગવદર ગામની વચ્ચે આવેલ શેરીમાં એક ડાલામથ્થા સિંહ વ્હેલી સવારે ૬ વાગ્યાના સમયે સિંહે ગામની શેરીમાં એક પશુનો શિકાર કરી મિજબાની માણી હતી. ત્યારે તે ગામે વસતા લોકોએ સિંહને મારણ ખાતો નિરાંતે નિહાળ્યો હતો. પરંતુ સિંહે લોકોને અથવા તો ત્યાં નજીકમાં ચારો ચરતાં પશુને કોઈ હેરાનગતિ પણ કરી ના હતી. માત્ર સિંહ મિજબાનીની મોજ માણી પેટની ભુખ મિટાવી અને બાદમાં શાંતિથી ચાલતી પકડી હતી. આ પંથકમાં હવે સિંહ જેવા વન્ય પ્રાણીઓનો હવે લોકોમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### બાવડામાં તાકતનું કાંઈ ન આવે, હાર્ટમાં હિંમત જરૂરી છે

# સિંહોનાં ટોળા : ધારીનાં માણાવાવ ગામે એકી સાથે ૧૪ સિંહોને એક આખલાએ ભગાડી મુકયા

### સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં થયો વાયરલ

અમરેલી, તા. ૧૨

સિંહ અને દીપડા જેવા રાની પશુઓ માટે હવે જંગલ ટૂંકું પડતું હોય, ઉપરાંત પેટની ભુખ મિટાવવા માટે આવા રાની પશુઓ શિકારની શોધમાં ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી જાય છે. પહેલાં 'સિંહના ટોળા ના હોય' તેવી એક વાયકા હતી. પરંતુ જયારે પણ સિંહ જંગલ બહાર શિકારની શોધમાં નીકળી પડે છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ટોળા સ્વરૂપે નીકળે છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ જેટલાં સિંહના ટોળા સામે એક આખલો પણ ભારે પડે છે તેવો એક વીડિયો સામે આવેલ છે. જેમાં એક આખલો સિંહના ટોળાને શિકારની મીજબાની માણતા સિંહોને ભગાડયા હતાં.



આ બનાવમાં ધારી તાલુકાના માણાવાવ ગામે આવેલ ભીખુભાઈ માંજરીયાની શેરીમાં ૧૪ જેટલાં સિંહના ટોળાએ શિકાર હતો અને આ સિંહો કરેલાં શિકારની મોજ માણતા હતાં. તે સમયે ત્યાં સિંહનું ટોળું હોવા છતાં એક આખલો બિંદાસ રીતે સિંહોની નજીક સુધી પહોંચ્યો હતો. ત્યારે ૧૪ જેટલાં સિંહ સામે એક આખલો આવી જતાં સિંહના ટોળામાં ગભરાટ ફેલાયો હતો અને સિંહના ટોળાએ પોતાનું મારણ છોડી અને ચાલતી પકડી હતી. આમ ગામની વચ્ચે શિકારની મીજબાની માણતા ૧૪ જેટલાં સિંહના ટોળાને એક આખલાએ ભગાડયા હતાં.

એક આખલાના ડરથી પોતાના મારણ મૂકી ચાલ્યા ગયેલા સિંહો આખલો ગયા બાદ ફરી વખત આવી અને શિકારની મીજબાની માણી હતી. આ આખી ઘટનાનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.




### કોઈ અકળ કારણોસર મોત વ્હાલુ કર્યુ

# સાવરકુંડલાની લલ્લુભાઈ શેઠ હોસ્પિટલમાં યુવતીએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

### હોસ્પિટલમાં ફરજ દરમિયાન જ પગલું ભર્યુ

અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા ગામે જેસર રોડ, રેલ્વે ફાટક પાસે રહેતા મિતલબેન મનુભાઈ પથ્થર નામની ૨૧ વર્ષિય યુવતિ છેલ્લા ત્રણ વર્ષથી સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર હોસ્પિટલમાં નોકરી કરતી હોય અને તેણી તા. ૧૧ના રોજ બપોરે ૨ વાગ્યે સાવરકુંડલા ખાતે લલ્લુભાઈ શેઠ હોસ્પિટલમાં પોતાની નોકરી ઉપર હોય. તે દરમ્યાન કોઈ કારણસર હોસ્પિટલના રૂમમાં દુપટા વડે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### રૂપિયા ૫૦ હજારનાં વ્યાજનાં ૮૦ હજાર માંગતા

# ખાંભાનાં ડેડાણ ગામનાં ઈસમ સામે તેના કુટુંબી ભાઈએ ફરિયાદ કરી

અમરેલી, તા. ૧૨

મહુવાનાં કાકરીયા ગામે રહેતા વૃધ્ધે ખાંભાનાં ડેડાણ ગામે રહેતા તેમના મામાનાં દીકરા સામે ફરિયાદ નોંધાવેલ છે.

વિગત એવા પ્રકારની છે કે,

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)